# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: કૃપાલી મહીચ્છા

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

તારીખ : ૧૩-૦૫-૨૦૨૪ સોમવાર                 સમય : સવારે ૬:૪૫ કલાકે

---

## લોકસભા-ચોથા તબક્કાનું મતદાન:

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે આજે ગણતરીની ઘડીઓમાં મતદાન શરૂ થશે . આજનાં મતદાનમાં 9 રાજ્યો અને જમ્મુ કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશની મળી , કુલ 96 બેઠકો પરનાં 1 હજાર 717 ઉમેદવારોનાં ભાગ્યનો ફેંસલો થશે . જેમાં ઉત્તરપ્રદેશની 13 બેઠકો , મહારાષ્ટ્રની 11, મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળની 8-8 , બિહારમાં 5, ઝારખંડ અને ઓડિશાની ચાર-ચાર અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક પર મતદાન યોજાશે. મતદાન સાંજે 6 વાગ્યા સુધી ચાલશે. આજે જે ઉમેદવારોનાં ભાગ્યનો ફેંસલો થશે, એમાં કોંગ્રેસ અગ્રણી અધીર રંજન ચૌધરી, સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ, જમ્મુ કાશ્મીર નેશનલ કોન્ફરન્સના અગ્રણી ઉમર અબ્દુલ્લા વિગેરેનો સમાવેશ થાય છે.

- (સી. પદ્દણી)

---

## આઈ.પી.એલ-ક્રિકેટ:

આઇ.પી.એલની ગઈકાલે બે મેચ રમાઇ હતી . પ્રથમ મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમે રાજસ્થાન રોયલ્સને 5 વિકેટે હરાવી, ત્રીજા સ્થાને આવી પ્લે ઓફની આશા જીવંત રાખી છે . રાજસ્થાને 5 વિકેટ ગુમાવી 141 રન કર્યા હતા. જવાબમાં ચેન્નાઈ ટીમે 5 વિકેટ ગુમાવી 145 કરી વિજયી લક્ષ્ય સર કર્યું હતું . જયારે, બીજી મેચમાં રોયલ ચેલેન્જર બેંગાલુરૂ ટીમે દિલ્હી કેપિટલ ટીમ ને 47 રને પરાસ્ત કરી હતી. બેંગાલુરૂ ટીમે 9 વિકેટના ભોગે 187 રન કર્યા હતા. જવાબમાં દિલ્હીની ટીમ 140 રનમાં આઉટ થઈ ગઈ હતી.

- (સી. પદ્દણી)

---

## બદ્રીનાથ કપાટ-ચારધામ યાત્રા:

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ બદ્રીનાથ મંદિરના દ્વાર ગઈકાલે સવારે ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. આ સાથે ચાર ધામ યાત્રા સંપૂર્ણ રીતે શરૂ થઈ છે. અગાઉ 10 મેએ બાકીનાં ત્રણ ધામ ગંગોત્રી, યમનોત્રી અને કેદારનાથનાં કપાટ ખોલવામાં આવ્યા હતા.

વૈદિક મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધી સાથે બદ્રીનાથ ધામના કપાટ ખોલવામાં આવ્યા હતા. આ પહેલા બ્રહ્મમુહૂર્ત દરમિયાન મંદિરની બહાર ગણેશ પૂજા થઈ હતી. આ અગાઉ મંદિરને ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. પ્રથમ જ દિવસે હજારો શ્રધ્ધાળુઓએ દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

- (RNU અમદાવાદ)

---

## મુન્દ્રા-અગ્નિશમન સેવા સપ્તાહ:

મુંદરાના ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન ખાતે કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળની આઈ.ઓ.સી.એલ શાખા દ્વારા અગ્નિશમન સેવા સપ્તાહની ઉજવણી થઈ હતી. આ પ્રસંગે કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળના સભ્યો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળની ટીમ દ્વારા વિવિધ પ્રકારની આગને કાબૂમાં લેવા અને બચાવ કામગીરી હાથ ધરવાનું જીવંત પ્રદર્શન રજૂ કરાયું હતું. ફાયર સેફ્ટી વીક દરમિયાન પ્લાન્ટના કામદારો, મહિલાઓ અને બાળકોમાં આગ સામે સુરક્ષામાં જાગૃતિ માટે વિવિધ સ્પર્ધાઓ યોજાઇ હતી.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## માતૃ દિવસ-ઉજવણી:

માતૃ દિવસની ઉજવણી અંતર્ગત જી.કે.જનરલ અદાણી હોસ્પિ.ના ગાયનેક વિભાગે માતા બનવા જઈ રહેલી બહેનો માટે દિશાનિર્દેશો આપ્યા હતા.

માતા બનવા જઈ રહેલી મહિલાઓએ રાખવાની થતી સાવધાની અંગે તબીબોએ કહ્યું કે , મહિલાઓ જેવું વિચારે છે, ખાન પાન રાખે છે અને જેવી જીવનશૈલી અપનાવે છે એ અનુરૂપ જ ભ્રુણ વિકાસ પામે છે. કોઈપણ મહિલાને માતા બનવા માટે શારીરિક જ નહીં પણ માનસિક રીતે પણ તૈયાર થવું પડે છે. ગર્ભાવસ્થામાં સતત પાણી પીતા રહેવું , શાકભાજી, ફળફળાદી અને પૌષ્ટિક આહાર દ્વારા શરીરને રોગપ્રતિકારક બનાવવું એટલું જ જરૂરી બને છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## હવામાન:

જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી લોકો ગરમી અને ઉકળાટ અનુભવી રહ્યા છે. ત્યારે હવામાન વિભાગે બુધથી શનિવાર સુધી કચ્છના કેટલાંક સ્થળે પવન અને ગાજવીજ સાથે તોફાની વરસાદ પડવાની આગાહી કરી છે. સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર હેઠળ રાજ્યના

વાતાવરણમાં પલટો આવે તેવો વર્તારો હવામાન વિભાગ દ્વારા આપવામાં આવ્યો છે. સાત દિવસના વર્તારામાં પ્રથમ બે દિવસ હવામાન સૂકું રહેશે તે પછી બુધથી શનિ કમોસમી વરસાદ પડે તેવી શક્યતા દેખાડવામાં આવી છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

------------------------------------------------------------------------